ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 1987/08/2023** **તા:23/08/2023**

## ચંદ્રયાન-3ના સફળ લેન્ડિંગ બદલ દેશના વૈજ્ઞાનિકો અને મિશન સાથે સંકળાયેલા તમામ સભ્યોશ્રીઓને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ અભિનંદન પાઠવ્યા.

----

## ચંદ્રના દક્ષિણધ્રુવ પર પહોંચનારો ભારત પ્રથમ દેશ છે જે દેશ માટે ઐતિહાસિક ક્ષણ છે. - શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે, ન માત્ર ભારત પરંતુ સમગ્ર વિશ્વના દેશો જે ઐતિહાસિક ક્ષણની આશા રાખી રહ્યુ હતું તે આજે આવી ગઇ છે. ભારતે 14 જૂલાઇના રોજ ત્રીજુ ચંદ્રયાન મોકલ્યુ હતું 41 દિવસની સફરમાં સમગ્ર દેશવાસીઓ ચંદ્રયાનના સફળ લેન્ડિંગ માટે પ્રાર્થના કરતા હતા ત્યારે આજે ભારતના વૈજ્ઞાનિકોએ સફળતા પ્રાપ્ત કરી ભારતનું ગૌરવ વધાર્યુ છે તે બદલ આ મિશન સાથે સંકળાયેલા તમામ વૈજ્ઞાનિકો અને ટીમના સભ્યોશ્રીઓને દેશનું ગૌરવ વધારવા બદલ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ અભિનંદન પાઠવ્યા. ચંદ્રના દક્ષિણધ્રુવ પર પહોંચનારો ભારત પ્રથમ દેશ છે જે દેશ માટે ઐતિહાસિક ક્ષણ છે. ચંદ્રયાન -3 માટે ગુજરાતે પણ મહત્વની ભૂમિકા નિભાવી છે, આ ઐતિહાસિક ક્ષણનાં સાક્ષી બનવાનું સૌભાગ્ય મળ્યું ત્યારે આંખો ભીની થઇ અને એક નવી જ ઉર્જાનો અનુભવ થયો , આજે આખો દેશ આ ઉર્જા અનુભવી રહ્યો છે. ચંદ્રયાન-3ની સફળતાએ સૌર મંડળની અનેક નવી સીમાઓને ખોલી આપી છે. બ્રમ્હાંડની અનેક સંભાવનાઓને સાકાર કરવા તરફ ભારતે આ પહેલું સફળ કદમ માંડ્યું છે.

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું હતું કે હું ઇસરોનાં સર્વ વૈજ્ઞાનિકોને નતમસ્તક વંદન કરું છું. એમનાં સતત અને સખત પરિશ્રમનું આ અમૃતફળ છે. આજનો દિવસ આપણો દેશ ક્યારેય નહીં ભૂલી શકે !

**ડૉ.યજ્ઞેશ દવે**
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**